# શ્રી કડી દશા દિશાવાળ વાણિક ઉત્કર્ષ મંડળ આયોજિત જગદગુરુ મહાપ્રભુજી કાર્યક્રમ

તા. ૨૩ જુલાઈ ૨૦૧૭, રવિવારના રોજ શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ દ્વારા અમદાવાદમાં પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. વલ્લભકુળના પ.પૂ. વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશબાવાશ્રી, પ.પૂ.વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી (કલ્યાણપુષ્ટી હવેલી), પ.પૂ. વૈષ્ણવાચાર્ય શ્રી યદુનાથજી, પ.પૂ. વૈષ્ણવાચાર્ય શ્રીદ્વારકેશલાલજી(કડી) અને પ.પૂ. વૈષ્ણવાચાર્ય શ્રી તિલકબાવાશ્રીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલો આ કાર્યક્રમ જ્ઞાતિજનો માટે એક અવિસ્મરણીય પ્રસંગ બની રહ્યો. વલ્લભકુળની વિભૂતિઓના વરદ હસ્તે મંગલદીપ પ્રગટાવીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આ શુભ ઘડીએ, જ્ઞાતિના આદરણીય વડીલો સર્વશ્રી અશ્વિનભાઈ પરીખ અને મહેન્દ્રભાઈ શાહ, કાર્યક્રમના ચીફ સ્પોન્સરર્સ શ્રી પિયૂષભાઈ દેસાઈ અને શ્રી જગદીશભાઈ પરીખ, SVVPના પ્રમુખ શ્રી કિરીટભાઈ શાહ, શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના પ્રમુખ શ્રી દેવાંગભાઈ દેસાઈ, GCCIના પ્રેસીડેન્ટ શ્રી શૈલેશભાઈ પટવારી તથા હાલના વ્યવસ્થાપક મંડળના હોદેદારોએ મંચ પર ઉપસ્થિત રહી, સમારંભનો વિધિવત શુભારંભ કરાવ્યો. ત્યારબાદ વલ્લભકુળની વિભૂતિઓને માલ્યાર્પણ કરી, તેમનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું. સમારંભમાં ઉપસ્થિત શ્રી અશ્વિનભાઈ પરીખ તથા શ્રી મહેન્દ્રભાઈ શાહને વૈષ્ણવાચાર્યે શાલ ઓઢાડી આશીર્વાદથી પુરસ્કૃત કર્યા. જ્ઞાતિના ચેરમેન શ્રી અશ્વિનભાઈ પરીખના સ્વાગત પ્રવચન બાદ, પ.પૂ. વૈષ્ણવાચાર્યોના વરદહસ્તે જ્ઞાતિની માહિતિસભર વેબસાઈટ, ડીરેક્ટરી 'સંપર્ક-સેતુ' અને બુલેટીન 'સ્નેહ-સેતુ'નું વિમોચન કરવામાં આવ્યું. સેવા, સહકાર અને સંગઠનના જીવનમંત્ર સાથે શરુ કરવામાં આવેલી વિવિધ સહાય યોજનાઓનો શુભારંભ વૈષ્ણવાચાર્યોના વરદ હસ્તે કરવામાં આવ્યો. આ સહાય યોજનાઓમાં મુખ્યત્વે શ્રી ભૂપેશભાઈ પરીખ અને શ્રી જગદીશભાઈ પરીખ પ્રેરિત શિક્ષણ સહાય યોજના, શ્રી શીતલભાઈ શાહ પ્રેરિત મેડિકલ સહાય યોજના, સ્વ રામલક્ષ્મીબેન શાંતિલાલ વોરા મેડીકલ ઇન્સ્યોરન્સ સહાય યોજના, વિધવા અને નિરાધાર સહાય યોજના તથા સુવર્ણ સ્વાસ્થ્ય યોજનાઓનો સમાવેશ થાય છે. સમારંભની એક વિશેષ સ્મૃતિ બની રહ્યો, હ્યુમન વેલનેસ ફાઉન્ડેશનનને મળેલો ગોલ્ડન બુક આફ વર્લ્ડ રેકોર્ડનો એવોર્ડ... પશુપતિ ગ્રુપ પ્રેરિત હ્યુમન વેલનેસ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત કેન્સરજાગૃતિ માટેના 'આયુષ' અભિયાનને મળેલા આ પ્રતિષ્ઠિત સન્માનને, પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય શ્રી યદુનાથ બાવાશ્રીએ આશીર્વચન આપી વધાવ્યું. કેન્સર જાગૃતિ માટે ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સુધી સક્રિય અભિયાન ચાલવતી આ સંસ્થાના ફાઉન્ડર ડાયરેક્ટર અને જ્ઞાતિના પ્રમુખ શ્રી સૌરીનભાઈ પરીખે સન્માન સ્વીકારતા, અભિયાનની વિગતવાર માહિતિ આપતું પ્રાસંગિક પ્રવચન કર્યું.

ત્યારબાદ આ કાર્યક્રમના શિરમોર સમી નૃત્યનાટિકા 'જગદગુરુશ્રી વલ્લભાચાર્યજી' નો પ્રારંભ થયો. શ્રી વિક્રમ પંચાલ અકેડમી ઓફ પરફોર્મિંગ આર્ટસ દ્વારા પ્રસ્તુત, 4D ટેક્નોલોજી પર આધારિત આ નાટિકા, ઉપસ્થિત જ્ઞાતિજનો માટે એક અવિસ્મરણીય લ્હાવો બની રહી. શ્રી મહાપ્રભુજી પ્રભુની જીવન ઝરમરની અદભૂત ભક્તિમય, કર્ણમધુર ઝાંખીએ સૌને મંત્રમુગ્ધ કર્યા.

સમગ્ર કાર્યક્રમના આયોજનને સફળ બનાવવામાં વ્યવસ્થાપક મંડળ, કો-ઓર્ડિનેટર્સ અને સ્વયંસેવી કાર્યકરોએ મહત્વની ભૂમિકા ભજવી. વિવિધ હેતુઓ માટે આર્થિક યોગદાન આપનાર દાતાઓએ ઉપસ્થિત રહી, કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખૂબ પ્રોત્સાહન પૂરું પાડ્યું. અંતમાં, જ્ઞાતિના પ્રમુખ શ્રી સૌરીનભાઈ પરીખનાં આભારદર્શન અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું.

